સહભાગી સિંચાઈ વ્યવસ્થાનાં અમલીકરણ દરમ્યાન વારાબંધી સીસ્ટમથી ડીઝાઈન કરેલ નહેરોમાં વધારાના દરવાજા મુકી સિંચાઈના પાણીનું વિતરણ કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા,જળસંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
પરિપત્ર ક્રમાંક:- પીઆઈએમ/૧૦૮૭/૧૨૦૨/(૧૦૮)/પા.ફ્ર. ૩/ક૧
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:- ૨૩/૩/૨૦૦૫

**: આમુખ :**

રાજય સરકારે અનુભવેલ છે કે જાહેર સિંચાઈના સંશાધનોથી મહત્તમ સિંચાઈ શકિત ઉભી કરવા અને પરિણામે રાજયની ખેત પેદાશમાં અને તેની ગુણવત્તામાં વધારો થાય એ માટે સહભાગી સિંચાઈ વ્યવસ્થા (PIM)નું અમલીકરણ અનિવાર્ય છે જે ભારત સરકારે પણ સ્વીકારેલ નીતિને અનુરૂપ છે. સહભાગી સિંચાઈ વ્યવસ્થાના અમલીકરણ અંતર્ગત ખેડુતોને સિંચાઈના અમલીકરણ અને વહીવટમાં જવાબદારી લેતા કરવા કાર્યરત લાભિત ખેડુતોના સંગઠનોને, અગાઉ નહેરોના આયોજન/આલેખનમાં આર.ડબલ્યુ.એસ. મોડેલનો ઉપયોગ કરવામાં આવેલ હોય તેવી રાજય સરકારના નર્મદા, જળ સંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકની કેટલીક મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓના પિયત વિસ્તારોમાં સહભાગી સિંચાઈ વ્યવસ્થાના અમલીકરણ દરમ્યાન આર.ડબલ્યુ.એસ. મોડેલમાં પડતી કેટલીક મુશ્કેલીઓ ધ્યાન પર આવેલ છે. સહભાગી સિંચાઈ વ્યવસ્થા અંતર્ગત મહત્તમ સિંચાઈ ક્ષમતા મેળવવા અને પાણીનો બગાડ અટકાવવા આર.ડબલ્યુ.એસ. મોડેલ વાળી નહેર વ્યવસ્થામાં વધારાના દરવાજા મુકવાની માંગણીઓ લાભિત ખેડુતોના સંગઠનો દ્વારા કરવામાં આવેલ છે અને વધારાના દરવાજા મુકવાની સ્પષ્ટતા અધિક્ષક ઈજનેરશ્રી કક્ષાએથી પણ આપવાના કિસ્સાઓ ધ્યાને આવેલ છે.

ઉપરોક્ત હકીકતને અનુલક્ષીને સરકારમાં થયેલ કાર્યવાહી અન્વયે હાલની યોજનાઓ અને નવી યોજનાઓમાં નહેરો વારાબંધી સીસ્ટમથી ડીઝાઈન કરવી કે દરવાજા વાળી ડીમાન્ડ આધારીત ડીઝાઈન કરવા બાબતે માનનીય મંત્રીશ્રી (સિંચાઈ)ના અધ્યક્ષ સ્થાને તારીખ: ૪/૪/૨૦૦૨ના રોજ એક બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ચર્ચાના અંતે નકકી કરવામાં આવેલ છે કે "હાલની યોજનાઓમાં R.W.S. સ્ટ્રકચરોમાં ગેઈટ મુકવાની છુટ આપવી. આ કાર્યવાહી માટે દરેક સેકશન અધિકારી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીના સ્તરે ખેડુતોની ગ્રામસભા બોલાવી ગેઈટ મુકવા બાબતે ખેડુતોનું મંતવ્ય જાણી તે પ્રમાણે કાર્યવાહી કરવી." સદરહુ બાબતે નર્મદા, જળ સંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગે તેમના તાબાની દરેક વર્તુળ કચેરી પાસેથી તે મુજબ કાર્યવાહી કરી મંતવ્યોસહ અહેવાલ મેળવેલ છે. આ અહેવાલોમાં પણ વર્તુળ કચેરીઓએ આર.ડબલ્યુ.એસ. મોડેલ વાળી નહેર વ્યવસ્થામાં વધારાના દરવાજા મુકી સિંચાઈના પાણીનું વિતરણ કરવાના મંતવ્યો આપેલ છે.

**: પરિપત્ર :**

સરકારશ્રી કક્ષાએ કાળજીભરી વિચારણાના અંતે સહભાગી સિંચાઈ વ્યવસ્થાના અમલીકરણ દરમ્યાન આર.ડબલ્યુ.એસ. મોડેલ વાળી નહેર વ્યવસ્થામાં લાભિત ખેડુતોના સંગઠનો દ્વારા વધારાના દરવાજા મુકવાની માંગણીઓ કરવામાં આવે તેવા કિસ્સાઓમાં સબંધિત અધિક્ષક ઈજનેરશ્રી સંલગ્ન

લાભિત ખેડુતોના સંગઠનોને સાથે રાખી સ્થળ મુલાકાત કરશે, માંગણી અન્વયે ગેઈટ મુકવા બાબતે ખેડુતોનું મંતવ્યો અંગે અભ્યાસ કરશે, અને ખરેખર આવા દરવાજા મુકવાથી સહભાગી સિંચાઈ વ્યવસ્થાના અમલીકરણમાં પડતી મુશ્કેલી દુર કરી શકાય તેમ હોય તો આવી બેઠકની કાર્યવાહી નોંધ બનાવી તેના પર વિભાગના ક્ષેત્રિય અધિકારીશ્રીઓ અને સબંધિત લાભિત ખેડુતોના સંગઠનો એમ બંન્ને પક્ષકારો વચ્ચે સહમતી સધાયેથી કાયદેસર અધિકૃત કરવામાં આવેલ અધિકારી/સભ્યોએ સહી કરવાની રહેશે. અને ત્યાર બાદ આર.ડબલ્યુ.એસ. મોડેલ વાળી નહેર વ્યવસ્થામાં સહમતી સધાયેલ જગ્યાઓએ વધારાના દરવાજા મુકવાની મંજુરી સબંધિત અધિક્ષક ઈજનેરશ્રી આપશે.

ઉપરોકત સુધારા વધારા આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની સચિવશ્રી (જ.સં.)ની તારીખ: ૨૩/૩/૨૦૦૫થી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(ડી.બી. જાદવ)**
ખાસ ફરજ પરના અધિકારી,(જ.સં)
નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.